# જૈન સમુદાયે મુંબઈમાં સૌપ્રથમ સ્ટાર્ટ-અપ ઈન્ક્યુબેશન સેન્ટર સ્થાપ્યું

ભાસ્કરન્યૂઝ | મુંબઈ

દેશમાં વેપાર સાહસિકોને આધાર આપવા અને સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવાના ધ્યેય સાથે જૈન સમુદાય બધાં મુખ્ય મહાનગરોમાં ઈન્ક્યુબેશન સેન્ટરો સ્થાપશે, જેના ભાગરૂપ સૌપ્રથમ સેન્ટર અંધેરીમાં સ્થાપવામાં આવ્યું છે. અમે દેશના ભાવિને આકાર આપવામાં યોગદાન આપવા માગીએ છીએ. વેપાર સાહસિકો અને સ્ટાર્ટ-અપ્સને આધાર આપવા માગીએ છીએ. આના ભાગરૂપ મુંબઈમાં પ્રથમ સેન્ટર શરૂ કરાયું છે, જે પછી અન્ય મહાનગરોનો વારો છે, એમ જિતે ઈન્ક્યુબેશન એન્ડ ઈનોવેશન ફાઉન્ડેશનના ચેરમેન અને આઈસીએ એજ્યુ સ્કિલ્સના ફાઉન્ડર ચેરમેન નરેન્દ્ર શ્યામસુખે જણાવ્યું હતું.

આ એકમને સેલો જિતો ઈન્ક્યુબેશન સેન્ટર તરીકે ઓળખવામાં આવશે અને તે બિન નફો કરતા એકમ તરીકે કામ કરશે. આ સેન્ટર જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જિતો)ની સંપૂર્ણ માલિકીની સબિસિડિયરી જિતો ઈન્ક્યુબેશન એન્ડ ઈનોવેશન ફાઉન્ડેશનનું છે. સેન્ટર માટે મકાન સેલો ગ્રુપ દ્વારા શૂન્ય ભાડે આપવામાં આવ્યું છે. આ એકમ શહેરમાં બધા ઊભરતા વેપાર સાહસિકોને મદદરૂપ થશે અને ઉત્તમ સેવાઓ આપશે. તે સુવિધાજનક રીતે સ્થિત છે અને સ્ટાર્ટ-અપ્સ માટે આવશ્યક બધી આધુનિક સુવિધાઓ ધરાવે છે, એમ સેલો ગ્રુપના પ્રદીપ જી રાઠોડે જણાવ્યું હતું. આ સેન્ટર 8500 ચો.ફૂ.માં પથરાયેલું છે, જેમાં 100થી વધુ બેઠક ક્ષમતા છે અને એચઆર, લીગલ, આઈટી અને અકાઉન્ટ્સ જેવી સપોર્ટ સેવાઓ આપશે અને પાત્રતા અનુસાર અમલબજાવણી માટે ફન્ડિંગ અને રેડ માર્કેટ પૂરાં પાડશે. તે અંધેરી પૂર્વના ચકાલા ખાતે સોલિટેર પાર્કમાં બિઝનેસ સ્ક્વેરમાં સ્થિત છે.